Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

मोक्षार्थिना प्रत्यहं ज्ञानवृद्धिः कार्या।

# શ્રી જૈન ધર્મ પ્રકાશ

પુસ્તક ૮૨ મું
અંક ૯
૨૫ જુન

અષાડ

વીર સં. ૨૪૯૨
વિ. સં. ૨૦૨૨
ઇ. સ. ૧૯૬૬

(१०५) संसारमावन्न परस्स अट्ठा, साहारणं जं च करेइ कम्मं।
कम्मस्स ते तस्स उ वेयकाले, न बन्धवा बन्धवयं उवेन्ति ॥ ५ ॥

૧૦૫. સંસારમાં રહેનારો મનુષ્ય સાધારણ રીતે તો, પોતાના કુટુંબ કબીલા વગેરે માટે નઠારામાં નઠારાં કાર્યો કરે છે; પરંતુ જ્યારે તે કર્મોનાં દુષ્પરિણામો આવીને ખડાં થાય અને તેમને ભોગવવાનો સમય આવી પહોંચે છે, ત્યારે એ ભોગવવાને વખતે કોઈ બંધુ, પોતાની બંધુતાને દાખવતો નથી અર્થાત્ એ ભોગવવામાં કોઇ સ્વજન પોતાનો ભાગ માગતો નથી—પ્રત્યક્ષ થતાં એ દુષ્પરિણામોને કોઈ સ્વજન પોતે જાતે થોડે ઘણે અંશે પણ ઉપાડી લેવા તૈયાર નથી.

—મહાવીર વાણી

પ્રગટકર્તા :
શ્રી જૈન ધર્મ પ્રસારક સભા : : ભાવનગર

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

# अनुक्रमणिका


૧ દાદાસાહેબ મંડન શ્રી મહાવીરસ્વામીનું સ્તવન (મુનિ ભાસ્કરવિજયજી મ.) ૭૩
૨ શ્રી વર્દ્ધમાન–મહાવીર : મણકો બીજો–લેખાંક : ૧૬ (સ્વ. મૌક્તિક) ૭૪
૩ 'ક્ષમાશ્રમણ' ધર્મદાસગણિ કૃત
ઉવએસમાલા (ઉપદેશમાલા) : રેખાદર્શન (પ્રો. હીરાલાલ ર. કાપડિયા એમ. એ.) ૭૮
૪ જપ (દીપચંદ જીવણલાલ શાહ) ૮૩


**હવે પછીનો અંક બીજા શ્રાવણ શુદ ૧૦ તા. ૨૫–૯ ૬૬ બહાર પડશે.**

## સ મા લો ચ ના

**कल्याण भारती:—न्यायविशारद-न्यायतीर्थ-मुनिश्री न्यायविजय-विरचिता-स्वोपज्ञ गुजराती –अंग्रेजी अनुवाद-संयुक्ता–मूल्यं ३ रूप्यका: प्रकाशक: श्री जैन संघ–मांडल (गुजरात)**

આ પુસ્તકમાં ૨૫ ભાગો છે દરેક ભાગમાં અમુક શ્લોકો આપેલ છે. શ્લોક નીચે તેનો અર્થ અને અંગ્રેજી અનુવાદ આપેલ છે. લેખક પુસ્તક વ્યાસંગમાં પોતાનો વખત પસાર કરે છે અને જ્ઞાનરસ એ તેમનો જીવનરસ બનેલ છે; તેમના જ્ઞાનરસસ્ત્રોતમાંથી कल्याण भारतीનું નિર્માણ થયેલ છે. આ પુસ્તકના સ્વાધ્યાયથી અને મનન–ચિંતનથી વાંચનારને જરૂર લાભ થશે.

**"કલિકાલ સર્વજ્ઞ":**—શ્રી હેમચંદ્રાચાર્ય વિરચિત **"વીતરાગ સ્તવ"** સવિવેચન–સકાવ્યાનુવાદ વિવેચન કર્તા (ટીકાકર્તા) કાવ્યાનુવાદ કર્તા ડૉ. ભગવાનદાસ મનસુખભાઈ મહેતા એમ. બી.બી. એસ. પ્રકાશક: શ્રીમદ્ રાજચંદ્ર નિજાભ્યાસ મંડપ ટ્રસ્ટ, અમદાવાદ, પ્રાપ્તિસ્થાન શ્રીમદ્ રાજચંદ્ર પાઠશાળા, ઠે. પંચભાઇની પોળ, અમદાવાદ મૂલ્ય રૂા. ૩:

"વીતરાગ સ્તવ" કલિકાલ સર્વજ્ઞ શ્રી હેમચંદ્રાચાર્યજીની અમર કૃતિ છે. "વીતરાગ સ્તવ"ની રચના કલિકાલ સર્વજ્ઞે ગુર્જર દેશાધિપતિ પરમાર્હત કુમારપાળ મહારાજના સ્વાધ્યાય માટે કરી હતી.

આ ગ્રંથ વીશ પ્રકાશમાં વિદ્વાન લેખકે વિભક્ત કરેલ છે. પ્રત્યેક પ્રકાશમાં ૮-૯ અથવા વધારે શ્લોકો છે. વિવેચકે આ ગ્રંથની ચાર પ્રકારે યોજના કરેલ છે. (૧) મૂળ શ્લોક, (૨) તેનો કાવ્યાનુવાદ, (૩) શ્લોકનો અર્થ. (૪) ટુંક વિવેચન.

આ ગ્રંથના પરિશિષ્ટમાં કલિકાલ સર્વજ્ઞ હેમચંદ્રાચાર્ય કૃત "મહાદેવસ્તોત્ર" આપવામાં આવેલ છે. મૂળ, કાવ્યાનુવાદ અને અર્થ એમ ત્રણ વિભાગમાં તેની યોજના કરેલ છે.

સ્વાધ્યાય કરવા માટે આ ગ્રંથ બહુ ઉપયોગી છે.

(અનુસંધાન ટાઈટલ પેજ ૪ થી શરૂ)

શ્રી સોમસુંદરસૂરિના શિષ્ય અને તપાગચ્છના એકાવનમા પટ્ટધર સહસ્રાવધાની શ્રી મુનિ સુંદરસૂરિએ સંતિકર સ્તવ રચેલ છે.

શ્રી પ્રદ્યોતસૂરિના શિષ્ય અને તપાગચ્છના ઓગણીશમા પટ્ટધર શ્રી માનદેવસૂરિએ શ્રી લઘુશાંતિ સ્તવન રચેલ છે. આ લઘુશાંતિ સ્તવનમાં પોતાની સાનિધ્યવાળી જયા, વિજયા, અજિતા અને અપરાજિતા એ ચારે દેવીઓના નામ–ગુંથનપૂર્વક શ્રી શાંતિનાથ પરમાત્માની સ્તુતિ તેમજ મંત્રાક્ષરોની સરસ ગુંથણી કરેલ છે. આજ પ્રભાવિક આચાર્યે તિજયપહુત્ત નામનું બીજું પ્રભાવપૂર્ણ સ્તોત્ર રચ્યું છે.

શ્રીમાનદેવસૂરિના શિષ્ય અને તપગચ્છના વીશમા પટ્ટધર શ્રી. માનતુંગસૂરિએ ધરણેંદ્રે દર્શાવેલ અઢાર મંત્રાક્ષરો ગુંથીને નમિઊણ સ્તોત્ર બનાવેલ છે. વળી માનતુંગસૂરિએ ભક્તામર સ્તોત્રની રચના કરેલ છે. આ સ્તોત્રની રચનાથી તેમને પહેરાવવામાં આવેલ તાળા સહિત બેંતાલીશ બેડીઓ તુટી ગઈ હતી.

વાદી વેતાલ શ્રી શાંતિસૂરીએ बृहदशांतिस्तवની રચના કરેલ છે. આ સ્તોત્રમાં વિધ વિધ મંત્રાક્ષરો દર્શાવેલ છે. સિદ્ધસેન દિવાકરે कल्याणमंदिर સ્તોત્ર રચેલ છે. (ચાલુ)

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir


# શ્રી જૈન ધર્મ પ્રકાશ

| પુસ્તક ૮૨ મું<br>અંક ૯ | અષાડ | વીર સં. ૨૪૯૨<br>વિક્રમ સં. ૨૦૨૨ |
|---|---|---|


## દાદાસાહેબ મંડન શ્રી મહાવીર સ્વામીનું સ્તવન

ખમા મારા વીરકુમાર! તમે ઘણું ઘણું જીવો.

સિદ્ધારથ પિતા ત્રિશલાજી માતા,
ચોવીસમા જિન જન્મ્યા હરખાતા;
ત્રણ જગતના નાથ ચીરંજીવો. વીર તમે ....ખમા મારા૦

ચૈત્ર શુદી તેરસ અતિ સુખકારી,
જન્મ્યા વીર જિણંદ જયકારી;
વધામણીરૂપ સહુ અમૃતરસ પીવો. વીર તમે ....ખમા મારા૦

છપ્પન દિગ્ કુમારી ગુણ ગાતી,
પ્રભુને હુલરાવે ને અતિ હરખાતી;
ધન્ય ઘડી આજે પ્રગટ્યો જગ દીવો. વીર તમે.... ખમા મારા૦

ચોસઠ સુરપતી આનંદે આવે,
મેરુ શિખર પર પ્રભુ પધરાવે;
સ્નાત્ર મહોત્સવ કરે બહુભાવે. વીર તમે ... ખમા મારા૦

સોહમપતીને શંકા થાય,
જળ ઝીલી ન શકે બાળક કાય;
ચરણ અંગૂઠે મેરુ ધ્રુજાય. વીર તમે.... ખમા મારા૦

આમલકી ક્રીડામાં રાખી બહુ ધીર,
એક મુષ્ઠીએ દેવ કર્યો સ્થિર;
દેવે ત્યાં નામ પાડ્યું મહાવીર. વીર તમે.... ખમા મારા૦

ત્રીસ વરસ ઘરવાસ પાળી,
સંયમ લઇને કર્મ કીધા બાળી:
નિર્વાણદીનથી થઈ દીવાળી. વીર તમે.... ખમા મારા૦

ભસ્મ ગૃહની પીડા બહુ ભારી,
ધર્મ ક્રિયામાં અતિ દુઃખકારી;
એમાંથી અમને હવે લ્યો ઉગારી. વીર તમે.... ખમા મારા૦

ત્રિશલાનંદન અમ ઘર આવો,
દુષ્ટ કર્મોને દુર હઠાવો;
ભક્તિથી કંચન ભાસ્કર પ્રગટાવો. વીર તમે.... ખમા મારા૦

—મુનિ ભાસ્કરવિજયજી મહારાજ

For Private And Personal Use Only

# શ્રી વર્દ્ધમાન-મહાવીર

**મણકો ૨ જો : : લેખાંક : ૧૭**

લેખક : સ્વ. મોતીચંદ ગિરધરલાલ કાપડિયા (મૌક્તિક)

ત્રિશલામાતાને તો આ હકીકતથી ખૂબ આનંદ થયો અને તેમણે તે હકીકત પતિને જણાવી.

**ત્રિશલા**–'અગાઉ તો વર્દ્ધમાન પરણવાની ના હા કરતો હતો, પણ હવે તો એ ઠેકાણે આવી ગયો છે.'

**સિદ્ધારથ**–'એ તો બરાબર છે, અને અત્યારે સમરવીરની પુત્રી યશોદા પણ અત્રે આવી ગઇ છે અને તે બધી રીતે યોગ્ય છે. તે રૂપમાં ગુણમાં બધી રીતે યોગ્ય છે અને ચોસઠે કળાઓ શીખીને આવેલી છે અને બધી રીતે આપણા મહાવીરને યોગ્ય છે. તે દીકરી હાલમાં જ અત્રે આવી છે અને મેં તો તેની સાથે લગ્ન નક્કી કર્યા છે અને શહેરમાં તેની તૈયારીઓ પણ ચાલી રહી છે'

**ત્રિશલા**–'આટલી બધી વાત વધી ગઇ, તે પહેલાં તમારે તો પુત્રની શી ઇચ્છા છે તે જાણી લેવું હતું. આપણે સર્વ તૈયારી કરીએ અને દીકરો ના પાડે તો આપણું તો એક ફારસ જ થઇ જાય.'

**સિદ્ધાર્થ**–'આવી બાબતમાં તે બાળકો શું સમજે. એ તો માબાપને યોગ્ય લાગે તે કરે અને મેં તો સર્વ ઘડ બેસી જશે એમ ધારી જ લીધું છે'

**ત્રિશલા**–'એ તો બધાં સારાં વાનાં થયાં અને પુત્રની પણ હવે તો મરજી થઈ ગઇ છે અને તેના લગ્નની આપ તૈયારી કરો છો તે વાત પણ તેણે જાણી છે.'

**સિદ્ધાર્થ**–'તે તો ઘણું સારું થયું. મારે પણ તસ્દી લેવી નહિ પડે, આટલું કામ તેં ઠીક પતાવી આપ્યું! લગ્નદિવસ પણ નજીકમાં જ છે.'

**ત્રિશલા**–'આમ ઠીક કર્યું, પણ જરા પુત્ર કે મને વાત તો કરવી હતી?'

**સિદ્ધાર્થ**–'ગઇ કાલે જ તમને વાત કરવાનો હતો, પણ રાજકાર્યમાં પડી જવાથી રાતે તો થાકીને સૂઇ ગયો અને સૂતા સાથે જ ઊંઘ આવી ગઈ. આજે તમને કહેવાનો જ હતો.'

**ત્રિશલા**–'પણ લગ્નકાર્યમાં તો અમારે વડી કરવાની હોય, પાપડ કરવાના હોય, સગાંસંબંધીને બોલાવવાં હોય. અમને વખતસર ખબર તો આપવી જોઇએ. તમારે તો દરેક વાતની ધમાધમ અને ઉતાવળ. અમે લોકો કેવી રીતે પહોંચી શકીએ?'

**સિદ્ધાર્થ**–'લગ્નનો વરઘોડો તો મારે ચઢાવવાનો છે? એમાં વડી-પાપડની વાત લાવીને તું જે કરવું હોય તે કર. એક દિવસમાં બધું ઊભું થાય. એમાં તે શી વાત છે?'

**ત્રિશલા**–'એ તો કરો તો ખબર પડે. મોઢેથી બોલ્યા એટલે થઈ ગયું. તમને અમારાં કામની શી કિંમત છે?

**સિદ્ધાર્થ**–'અહોહો! આવા સારા લગ્ન મેં ગોઠવી આપ્યા, અને તું તો વડી પાપડ ને સેવમાં ગૂંચવાઇ ગઇ!'

**ત્રિશલા**–'ને તમે કર્યું એ પણ કામ છે, પણ અમારૂં એ સગાં-સંબંધીઓનું કામ છે એટલું તો આપ જાણો.'

**સિદ્ધાર્થ**– અમે તો અમારૂં કામ સમજીએ અને બૈરાનું કામ બૈરાંઓ જાણે.'

આવી આનંદગોષ્ઠિ કરતાં સમય પસાર થયો. લગ્નનો દિવસ આવી ગયો અને વડી પાપડ સેવો અને મીઠાઇ બની ગયા અને લગ્નને દિવસ સુંદર કારીગિરીવાળો મંડપ બની ગયો અને આખા રાજમંદિરમાં મોટો મહોત્સવ થઈ ગયો, નગરજનોએ

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



રાજકુમારના લગ્ન હોવાને અંગે આખું નગર શણગાર્યું અને ઠામઠામ મહોત્સવ મંડાઇ ગયો. લોકો સારાં વસ્ત્ર પહેરી રાજદરબારે આવ્યા અને સુંદર સ્ત્રીઓએ ખૂબ ગીતો તે દેશના રિવાજ પ્રમાણે ગાઇ પોતાનો હર્ષ બતાવ્યો. સારાં વસ્ત્રો પહેરી સુવાસણ સ્ત્રીઓ બંને વર્ગની જ્યારે સામસામી ગીતો ગાય છે ત્યારે તો જાણે દુનિયામાં સ્વર્ગ જ ખડું થાય છે, અને તેમાં પણ ઊંચા સંગીત સાથે ગાય છે ત્યારે ખરેખર સ્વર્ગ હાજર થતું લાગે છે અને એ ગાનારીઓ જાણે દુઃખ વગરની છે એવું સાંભળનારને ઘણીભર તો લાગે છે.

એમાં પણ કેટલાંક ચાલુ ગીતો તો ભારે ભાવવાહક છે અને તે યુગના રીતરિવાજો પર પ્રકાશ પાડનારાં હોય છે. 'લાડકડી ચઢી રે ચમાડ, લાડા વરવાને નીરખવા રે.' એ ગીત પ્રાચીનકાળમાં પણ સ્ત્રી કે કન્યાશિક્ષણનો રિવાજ હતો તે સાબિત કરે છે. 'નિશાળે ભણવાને ગયા'તા, અક્ષરે મારાં મન મોહ્યા રે' એ કાંઈ નહિ તો ઉચ્ચ વર્ગમાં તો કન્યાશિક્ષણ હતું એમ સાબિત કરવા માટે જરૂરી છે, અને 'ઉછળી જૂનો ગઢ ઉજળ્યો, કે શું હલકો હાલાર રે' એ વરપક્ષની મહત્તા અને તે વખતની ધન–ધાન્યની વિપુલતા સાબિત કરવા માટે પૂરતું ગીત છે. 'આ કાંઠે ગંગા ને પેલે કાંઠે જમના, ને વચમાં સરસતી (સરસ્વતી) નદી વહે છે' તે ગીત ગીત બનાવનારની કવિત્વશક્તિ સાબિત કરે છે અને આવા આવા અનેક સાંસારિક અને સાંસ્કારિક રિવાજોને સમજવા માટે તેની પ્રાચીનતા બતાવે છે. આને માટે આ લેખક લઘુવયનો હતો તે વખતે તેને 'લગ્નપ્રસંગો ગાવાનાં કેટલાક ગીતો'નો સંગ્રહ શ્રી જૈન ધર્મ પ્રસારક સભા તરફથી બેન જસકોર કુંવરજીને નામે પ્રગટ કર્યો હતો તે જોઈ જવા ભલામણ કરવામાં આવે છે.

રાજદરબારમાં લગ્નમંડપ થયો અને પરિપૂર્ણ રીતે વર્ધમાનકુંવરના તરૂણી યશોદા સાથે લગ્ન કરવામાં આવ્યા અને સ્નેહી સંબંધી–સગાંઓને રાજા સિદ્ધારથ તરફથી એક જમણ આપવામાં આવ્યું અને સગાંઓને તો દિવસો સુધી ખાનપાનથી નવાજવામાં આવ્યા એમ દેખાય છે. આ જમણવારની હકીકત ખાસ ઉલ્લેખવાનું કારણ આ અન્નના અંકુશના યુગમાં ખાસ ઉલ્લેખવા જેવું છે. લગ્ન વખતે તો લગ્નનાં ગીત–ગાણાં જ શોભે અને તે વખતે કાંઇ મરશિયાં ન ગવાય તે વાત ધ્યાનમાં રાખવા યોગ્ય છે.

લગ્નપ્રસંગ સગાં–સ્નેહીઓને ભેલા કરવામાં અને એક બીજાને થાપાં મારવા માટે જાણીતો થયેલો છે. અત્યારે એ વાત જૂની પુરાણી લાગે, પણ પ્રાચીન તો એ રિવાજ સારી રીતે પ્રચલિત હતો એમ જણાય છે. ખાસ કરીને વરના સગપણવાળાં સગાંઓને થાપા મારવામાં આવતા હતા. કંકુની આખી થાળીમાં પોતાના હાથ બોળીને સામા સંબંધીને વાંસા ઉપર આ થાપા હેતથી મારવામાં આવતા હતા અને લગ્ન થવાની સાક્ષીરૂપ અથવા તેના પ્રતીક હતા.

એ જ પ્રમાણે સપ્તવેદીની ક્રિયા તે યુગમાં પણ લગભગ એ જ આકારમાં પ્રચલિત હતી. વરનું ધ્યાન આ ક્રિયા તરફ જ ન હતું, એને તો પરણવાનું જ કાર્ય હતું, જ્યારે સગાં–સંબંધીઓ ગીત ગાવાના, થાપાઓ ખાવાનાં અને સારૂં ભોજન કરવાનાં કામમાં પડી જતાં. આવી રીતે 'જાનૈયાને જમવાનો લોભ અને વરને કન્યાનો લોભ' એ કહેવત તે કાળમાં પણ સત્ય નીવડતી. અને વાજા વગડાવવાં, ઢોલ–ત્રાંસાના અવાજ કરવા એ તે યુગમાં પણ પ્રચલિત રિવાજ હતો અને તે સર્વ કોમોનો સામાન્ય રિવાજ હતો. આ સર્વ રિવાજો તો તે પ્રાચીન કાળમાં પણ એવા જ પ્રકારે ચાલુ હતા અને આપણે તો તે રિવાજના વારસદારો છીએ કોઈ પણ કોમમાં લગ્નની ધામધુમ તો એક અથવા બીજા આકારમાં થતી જ હતી અને તેથી આપણને તો તે વારસામાં ઊતરી આવેલી હકીકત છે. માતા ત્રિશલાને તો હરખ ન માય, તે તો યોગ્ય કન્યા સાથે પુત્રને જોઇને ખૂબ રાજી થઈ ગયા અને માબાપનું લક્ષ્ય તો સારી કન્યા મેળવવાનું જ હોય છે.

કેટલાક લેખકો આ સમરવીરને એક સામંત કહે છે અને કેટલાક તેને રતનપુરના રાજા તરીકે ગણાવે છે. રતનપુર ક્યાં આવ્યું તે સંબંધી કાંઈ

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



ઉલ્લેખ મળતો નથી. પરણનાર કન્યા સમરવીરની પુત્રી અને તેનું નામ યશોદા. આ સંબંધમાં સર્વ લેખકો સંમત છે. અને વર્દ્ધમાન મહાવીરનું મન સંસાર તરફ ઉદ્વિગ્ન હતું અને તે તો માત્ર માત-પિતાને રાજી કરવા અને તેમની વૃદ્ધવયે તેમને દુઃખ ન લાગે તે ખાતર જ પરણ્યા હતા તે બાબતમાં એકમત છે. આથી મહાવીરસ્વામી તો પરણ્યા છતાં ઇંદ્રિયના ભોગમાં ન પડી જતાં માત્ર શરીરના ધર્મ તરીકે પતિ તરીકેની ફરજ બજાવતા રહ્યા અને એવા સામાન્ય ભોગથી પણ યશોદા રાજી થયા, કારણ કે એટલી સામાન્ય વાત પણ તેની નજરે ઘણી હતી.

પહેલી રાત્રિ પણ મહાવીર-વર્ધમાને ઉંઘમાં ગાળી અને કોઇ પ્રકારની વિષયાસક્તિ ન બતાવી. તે તેમણે સંસારમાં પડીને સંસારથી દૂર રહેવાનો પ્રયોગ કરી બતાવ્યો અને પોતે જરા પણ ઇંદ્રિયના વિષયોમાં રસ ન લીધો અને યશોદાને પણ શિક્ષણ આપી, પોતાના મતને અનુરૂપ બનાવી. એ પણ જ્યારે ત્યારે ઇન્દ્રિયના વિષયોથી ઉપરાંઠા રહેવાની વાતો કરવા લાગી અને એ પરપુરૂષને માટે તો એક ખરેખર આદર્શ સાધ્વી બની તેનાથી દૂર જ રહી પાણી માગે ત્યાં દૂધ હાજર થાય એવી એની સ્થિતિ હતી, પણ એ તો પાણીની પર દરકાર જ કરતી નહોતી અને આ રીતે મહાવીર અને યશોદાનો સંસાર-વહેવાર ચાલ્યો.

સંસારમાં રહેવું અને સંસારથી વિરક્ત રહેવું એ ઘણું મુશ્કેલ કામ છે. એમાં તો મહાવીર કે વિજય-શેઠે જ નામ કાઢ્યાં છે, એ તો વચ્ચે તરવાર મૂકીને સુવે અને પરણવા ખાતર જ પરણે અથવા માતા-પિતાને રાજી રાખવા જ પરણે. પણ એની ત્યાગની ભાવના તો તે વખતે પણ ચાલુ જ હોય અને તેનો અમલ પોતાનાં હિત માટે જ કરે. સ્ત્રીના ત્યાગ કરતાં પણ તે હોય, તેનો સંબંધ વ્યવહાર ચાલુ હોય તે વખતે તેનો સર્વથા અથવા લગભગ ત્યાગ કરવો તે વધારે મુશ્કેલ બાબત છે. અને વર્દ્ધમાનકુમારે તેનો બરાબર અમલ કર્યો તે હકીકત ખાસ નોંધવા લાયક છે.

વર્દ્ધમાનકુમારને બીજે વર્ષે પ્રિયદર્શના નામની દીકરી થઇ. એને એક જમાલિના સંબંધમાં અને તેના સંસાર સંબંધમાં તથા સંસાર ત્યાગના સંબંધમાં વિગતવાર હકીકત આગામી ચોથા ભાગમાં આવવાની છે અત્ર તો માત્ર એટલું જ નોંધવા લાયક છે કે મહાવીરસ્વામીની સંસાર કે વિષયો તરફ અનાસક્તિ હોવા છતાં પણ તેમને એક દીકરી સંતતિમાં થઈ. અને તેને રમાડીને માતા ત્રિશલાદેવી ઘણા રાજી થયા. ઘરડા કે વૃદ્ધ માબાપને પોતાના દીકરાની સંતતિ પર ખૂબ આકર્ષણ હોય છે અને ઘરડા માણસો તો આવી સંતતિને ખૂબ ગણે છે અને તેને ઘોડિયામાં હીંચકાવવા કે તેને હાલા ગાવા ને તેને રમાડવામાં પોતાના જીવનનું સાર્થક માને છે અને તે વાતમાં ખૂબ રસ લે છે. ત્રિશલામાતા પોતાના પુત્રની દીકરીને જોઇને ખૂબ રાજી થતા અને તેમને લાડ લડાવવામાં ખાસ રસ લેતા હતા. તેને નવરાવવી કે તેનો ચોટલો ગૂંથવો અને તેને જાહેરમાં સારી દેખાડવામાં પોતે ખૂબ રસ લેતા અને તેને રમાડવા માટે અનેક રમકડાં વસાવ્યાં હતાં.

મોટી વયે જે વાત સામાન્ય લાગે તે બાળકો માટે ઘણી ઉપયોગી છે. તેમના શિક્ષણની શરૂઆત આ રમકડાંઓથી થાય છે અને યોગ્ય રમકડાં દ્વારા જે શિક્ષણ મળે તે અતિ અસરકારક થાય છે. તેથી બાળકો માટે રમકડાંની એક જુદી ટોપલી કરી બાળકોને રમકડાં આપવાં એ વડીલોનો એક ધર્મ બની આવે છે અને ત્રિશલામાતાએ પ્રિયદર્શનાના ઉછેરમાં યશોદા સાથે તેટલો જ રસ લીધો. તેમણે તો ગીતો ગાઈ પ્રિયદર્શનાને ઊછેરી અને યશોદાથી પણ આગળ વધી જઈ ઊછેરનું કાર્ય સારી રીતે બજાવ્યું અને તેમ કરવામાં પોતાની ફરજ જ સમજ્યા અને તેમનો કાંઇ પાડ-ઉપકાર હોય તેમ તેમને કદી ન લાગ્યું.

આપણે ધારીએ છીએ તેનાથી બહુ આગળ જ બાળશિક્ષણ શરૂ થાય છે અને તેમાં પણ વૃદ્ધ માતા કે વડીલો ઘણો અગત્યનો ભાગ ભજવે છે. બાળકની પાસે ગવાતાં ગીતો અને તેને આપવામાં આવતાં રમકડાં આવી રીતે અગત્યનો ભાગ ભજવે છે અને

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



તે શિક્ષકની ગરજ સારે છે એમ ખાસ ધ્યાનમાં રાખવું જોઇએ અને તે માટેનાં સારાં સાધનો પૂરા પાડવાની માબાપ કે વડીલવર્ગની ફરજ છે એમ સમજી તેમાં રસપૂર્વક ભાગ લેવો જોઇએ. મેળામાં કે બજારમાં જે રમકડાં મળે તે ઉપાડી લાવવામાં આ ફરજ પૂરી થતી નથી, પણ શિક્ષણના દૃષ્ટિબિન્દુથી તેની પસંદગીમાં વિવેક રાખવો ઘટે તેટલું જ અગત્યનું કાર્ય તેને ઉંઘાડવા માટે ગવાતાં ગીતોની પસંદગી કરવાનું છે અને તે પણ ભાવવાહી હોવા જોઇએ અને અલંકારથી ભરપૂર હોવાં જોઇએ. નાનાં બાળકો પાસે જે ફાવે તે ગાવામાં આવે તે વાતમાં યોગ્યતા નથી, કારણ કે બાળઉછેરનો તે પણ એક અગત્યનો વિભાગ છે

બાળકને નવરાવવું, તેને સારાં સ્વચ્છ કપડાં પહેરાવવાં તેમાં પણ વિવેકને સ્થાન જરૂર છે, તે કામ ભાડુતી માણસો પાસેથી લેવા જેવું નથી, તે કામ બરાબર જાતે જ કરવું જોઇએ અને બાળકની ધાત્રી પસંદ કરવામાં તો ઘણી સંભાળ રાખવાની જરૂર છે. ધાત્રીઓ તો બાળકને બહાર એકલા લઈ જઇને માર પણ મારે છે અને તેને ભુંડી ચેષ્ટાઓ બાળપણથી શીખવે છે. મહાવીરના અને આ તેમની પુત્રી પ્રિયદર્શનાના ઉછેરમાં ત્રિશલામાતાએ ચીવટથી આ કામ બજાવ્યું હતું. તે તેઓ રાજરાણી હોવા છતાં પણ કર્યું હતું અને જાતે તેમાં રસ લઇ રહ્યા હતા એ બાબત ખાસ અભિનંદનને યોગ્ય છે અને એની સંભાળની અસર મહાવીર અને પ્રિયદર્શનાના જીવન પર પડી તે આગળ જતાં એની યોગ્ય સ્થળે નોંધ લેવામાં આવશે.

પણ બાળકોના યોગ્ય ઉછેરનો આખો પ્રશ્ન વિચારવા લાયક છે, એ વાત તો ધ્યાનમાં રાખવા લાયક છે. સારે નસીબે એ સંબંધી ઘણું સાહિત્ય હાલ લભ્ય થઈ શકે તેવું છે તે ખૂબ વિચારવું અને તેમાંથી જે પોતાને લાગુ પડતું હોય તેનો અમલ બરાબર કરવો, એ માબાપની અથવા વડીલવર્ગની ફરજ છે. એ વાત છોકરાંઓ તે એવી વાતમાં શું સમજે એમ ધારીને કાઢી નાખવા જેવી નથી. છોકરાંઓના ઉછેરમાં આ સર્વ બાબતો ઘણી અગત્યની છે એમ સમજવું અને તેમનો અભ્યાસ નિશાળમાં શરૂ થાય છે એમ માનવાની ભૂલ તો કદાપિ ન કરવી અભ્યાસની શરૂઆત તો તે પહેલાં ત્રણ વરસે થાય છે અને નિશાળમાં તે પૂરી થાય છે એમ ગણવું. અને તેને અનુરૂપ પોતાનો સર્વ વ્યવહાર રાખવો, એ વાત ઉચિત છે. મહાવીર તથા પ્રિયદર્શનાના સંબંધમાં આ ચીવટ ત્રિશલામાતાએ અને યશોદાએ સારી રીતે રાખી હતી તે અત્ર લક્ષ્યમાં લેવાની ખાસ જરૂર છે. એ માટે આ વાત ધ્યાનમાં રાખવી અને તે કામ નોકર, ધાત્રી કે ભાડુતી માણસો કરે છે એમ ધારવું એ છોકરાંના હિતને અંગે પણ અયુક્ત છે. બાળકના સંસ્કાર ખૂબ અસરકારક નીવડે છે અને મોટી વય અથવા આજીવન પર્યંત તે પહોંચે છે એ વાત ઉપર ખાસ લક્ષ્ય આપવું. મહાવીર વર્દ્ધમાનને તથા પ્રિયદર્શનાને આ લાભ ખૂબ યોગ્ય રીતે અને વિચારણાપૂર્વક મળ્યો તે વાત ખાસ નોંધી રાખવા યોગ્ય છે અને તે લાભની અસર તેમના બન્ને જીવન પર આખર સુધી રહી તે આપણે હવે પછી જોશું. (ચાલુ)

જેની ઘણા સમયથી રાહ જોતા હતા તે પુસ્તક તૈયાર થઇ ગયું છે—

શ્રી વિજયલક્ષ્મીસૂરિ વિરચિત

## શ્રી ઉપદેશપ્રાસાદ ભાષાંતર : ભાગ ૨ જો

ઉપરોક્ત ગ્રંથ ગુજરાતી લીપીમાં કલકત્તાના અમુક ભાવિક સદ્‌ગૃહસ્થ તરફથી મળેલ સહાયથી છપાવવાનું શરૂ કરેલ છે. પાના ૩૦૪–ફોર્મ ૩૮. બહુ થોડી નકલો હોવાથી તુરતજ મંગાવી લેશો. બુકની કિંમત રૂા. પાંચ. પોસ્ટેજ રૂા. ૨). લખો:— શ્રી જૈન ધર્મ પ્રસારક સભા–ભાવનગર.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

'[1]ક્ષમાશ્રમણ' ધર્મદાસગણિકૃત'

# ઉવએસમાલા (ઉપદેશમાલા): રેખાદર્શન

લે૦ પ્રો. હીરાલાલ ર. કાપડિયા એમ. એ.

[ નામસામ્ય, પદ્ય સંખ્યા, ભાષા, છંદ, કર્તા, વિષય, રચનાસમય, રચનાસ્થળ, પ્રકાશનો, પ્રથા, છવ્વીસ, વિવરણો, અનુવાદો, કથાઓ, યત્ર, શકુનાવલી, જર્મન અને અંગ્રેજીમાં નોંધ, વિશીષતાઓ સ્વાધ્યાય અને સૂચન

**નામસામ્ય**–આજે પણ કેટલાયે માનવીઓનાં નામ એકસરખાં જણાય છે. આવી પરિસ્થિતિ સાહિત્યક્ષેત્રને અંગે પણ અનુભવાય છે. પ્રસ્તુતમાં જૈન સાહિત્યનો વિચાર કરીશું તો જણાશે કે **ઉવએસમાલા** નામની ત્રણેક કૃતિઓ છે. એ પૈકી ધર્મદાસગણિ કૃત **ઉવએસમાલા** અને 'મલધારી' હેમચન્દ્રસૂરિએ રચેલી અને સ્વોપજ્ઞ વૃત્તિથી અલંકૃત [2]**ઉવએસમાલા** સુપ્રસિદ્ધ છે આ ઉપરાંતની એક કૃતિ તે [3]જિનદાસગણિએ ૫૪૨ ગાથામાં રચી છે તે છે. એમણે કે અન્ય કોઈએ "सुयदेवयं च वन्दे"થી શરૂ થતી અને ૫૪૨ ગાથા પૂરતી રચેલી કૃતિનું નામ પણ **ઉવએસમાલા** છે. આ પ્રમાણે **ઉવએસમાલા** નામની ચાર કૃતિઓની નોંધ **જિનરત્નકોશ** (પ્રથમ વિભાગ પૃ ૪૯–૫૧)માં છે.

**પદ્ય-સંખ્યા**–ધર્મદાસગણિએ જે **ઉવએસમાલા** રચી છે એને સંસ્કૃતમાં "ઉપદેશમાલા" કહે છે. આ કૃતિની જે વિવિધ હાથપોથીઓ તેમજ વૃત્તિઓ મળે છે તે જોતાં આ કૃતિના પદ્યની સંખ્યા પરત્વે એક વાક્યતા જોવાતી નથી. સામાન્ય રીતે વિચારતાં એમાં ૫૪૧ ગાથા જણાય છે. આથી ત્રણેક ગાથા પ્રક્ષિપ્ત હોવાની સંભાવના રહે છે. આની ચર્ચા ચકાસણી આ લેખમાં એની મર્યાદા જોતાં થઈ શકે નહિ. ગ્રન્થકારે પોતે તો અંતમાં આ ઉવએસમાલા–પગરણમાં ૫૪૦ ગાથા હોવાનું કહ્યું છે.

**ભાષા**–પ્રસ્તુત **ઉવએસમાલા**ની ભાષા પાઇય છે, નહિ કે સંસ્કૃત. તેમાં પણ વળી એ ભાષા પાઇયના વિવિધ પ્રકારો પૈકી 'જઇણ મરહટ્ઠી' (જૈન મહારાષ્ટ્રી) તરીકે ઓળખાવાતા પ્રકારની છે, નહિ કે **આચાર** (સુયક્ખંધ ૧) વગેરેની જેમ અર્ધમાગહી (અર્ધમાગધી).

**છંદ**–સમગ્ર કૃતિ પાઇય સાહિત્યમાં મુખ્યતયા પ્રચલિત 'આર્યા' છંદમાં રચાયેલી છે.

**કર્તા**–**ઉવએસમાલા**ના કર્તા [1]ધર્મદાસગણિ છે. એમણે આ કૃતિમાં એમનો પરિચય આપ્યો નથી. એઓ શ્રમણ ભગવાન **મહાવીરસ્વામી**ના હસ્તદીક્ષિત શિષ્ય હોવાનું કેટલાક માને છે, પણ એ વાત વિચારણીય જણાય છે.[2]

રત્નપ્રભસૂરિએ "દોઘટ્ટી"માં પ્રારંભમાં રણસિંહની [3]કથા આપી છે. એ વૃદ્ધોના ઉપદેશનું ફળ છે એમ એમણે કહ્યું છે. એમાં એમણે રણસિંહનો વિજયસેન રાજા અને વિજયા રાણીના પુત્ર તરીકે નિર્દેશ કર્યો છે. એ દંપતીએ દીક્ષા લીધી ત્યારે એમને વિજયસેનમુનિ અને વિજયાગણિણી તરીકે ઓળખાવાયા છે. એ વિજયસેન મુનિ તે જ ધર્મદાસગણિ છે અને એઓ [4]અવધિજ્ઞાની હોઈ એમણે રણસિંહને માટે **ઉવએસમાલા** રચી રાખી હતી. **ઉવએસમાલા** (ગા. ૫૪૦)માં આ કૃતિ સુશિષ્ય વર્ગને ધર્મદાસ-

૧ જુઓ **પ્રતિમાશતક** (શ્લો ૫૮)ની સ્વોપજ્ઞ વૃત્તિ (પત્ર ૧૫૯)

૨ આને **પુષ્પમાલા** પણ કહે છે.

૩ આને બદલે ધર્મદાસગણિ નામ હશે એમ લાગે છે.

૧ વિદગ્ધમુખમંડન નામની બૌદ્ધ કૃતિના પ્રણેતાનું નામ પણ 'ધર્મદાસ' છે.

૨ જુઓ જૈન સાહિત્યનો સંક્ષિપ્ત ઇતિહાસ (પૃ. ૩૧, ટિ. ૩૦).

૩ આ કથા સિદ્ધર્ષિની પ્રકાશિત વૃત્તિમાં નથી.

૪ રણસિંહની કથાના લગભગ અંતમાં–૪૭૫ મી ગાથામાં આ ઉલ્લેખ છે.



For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



ગણિએ કહી સંભળાવ્યાની વાત છે અને 'દોઘટ્ટી" માં પણ એ જ અર્થ કરાયો છે.

**વિષય**-પ્રસ્તુત કૃતિમાં જાતજાતના આધ્યાત્મિક તેમ જ નૈતિક ઉપદેશો અપાયા છે, અને એ આત્માના વિશુદ્ધ ખરેખર ઉન્નતિ માટે મહત્ત્વના છે. સાથેસાથે અનેક મહાનુભાવોના નામો એમાં દર્શાવાયાં છે. એઓ નિમ્નલિખિત ગુણોનાં આચરણના અસરકારક દૃષ્ટાંતરૂપ છે.

"જ્ઞાન, ધ્યાન, તપ, સંયમ, ક્ષમા, દયા, વિનય, વિવેક, અનુકંપા, અપરિગ્રહ, નિર્મમત્વ, નિર્લોભિતા, અપ્રમાદ અને અનાસક્તિ )—" ધર્મોપદેશમાળા–પ્રાસ્તાવિક વક્તવ્ય."

પ્રસ્તુત કૃતિમાં લગભગ ૭૦ કથાઓનું સૂચન છે ગા. ૩૦૨–૩૦૯ માં ક્રોધાદિ ચાર કષાયોના પર્યાયો અપાયા છે.

આ **ઉવએસમાલા**ની નિમ્નલિખિત ૩૨૩ મી ગાથા **સપ્પઈ પયરણ**ના તૃતીય કાંડની ૮૮ મી ગાથા તરીકે અને **પંચવત્થુગમાં** ૯૪૭મી તરીકે જોવાય છે–

"जह जह बहुस्सुओ सम्मओ अ,
सीसगण सम्परि वुडो य ।
अविणिच्छिओ अ समए तह तह,
सिद्धन्तपडिनीओ ॥ ३२३ ॥"

આ ગાથા જો મહાવીરસ્વામીના સ્વહસ્ત દીક્ષિત મનાતા ધર્મદાસગણિની જ રચના હોય તો એઓ સિદ્ધસેન દિવાકર કરતાં પહેલા થએલા ગણાય; નહિ તો એઓ સિદ્ધસેન દિવાકરના ઉત્તરકાલીન ગણાય.[1] પં. સુખલાલજીના મતે સિદ્ધસેન દિવાકર વિક્રમની પાંચમી શતાબ્દીમાં થયા છે. જુઓ **આગમ યુગ કા જૈન-દર્શન** (પૃ. ૨૭૧).

**રચના–સમય**–ધર્મદાસગણિએ **ઉવએસમાલા**માં જેમ આ કૃતિનું તેમજ પોતાનું નામ દર્શાવેલ છે તેમ એમણે આ કૃતિ ક્યારે રચી એ વિશે કશો ઉલ્લેખ કર્યો નથી. આ કૃતિમાં જે વિશેષનામો રજૂ થયાં છે તે જોતાં આ કૃતિ **વીર** સંવત્ ૫૨૦ અર્થાત્ વિ. સં. ૫૦ કરતાં તો પ્રાચીન હોઈ શકે નહિ, કેમકે એમાં વજ્રસ્વામીનો ઉલ્લેખ છે. આ તો એની પૂર્વાવધિની વાત થઈ. સમભાવભાવી **હરિભદ્રસૂરિ**કૃત ઉવએસપય આ કૃતિના અનુકરણરૂપે રચાયેલી જણાય છે. એ હિસાબે આ કૃતિ એમના સમય કરતાં અર્થાત્ ઈ સ. ૭૦૦ થી ઈ. સ. ૭૮૦ કે ૮૦૦ કરતાં થોડીક પણ વહેલી રચાઇ હોવી જોઇએ. આમ આ કૃતિની ઉત્તરાવધિ છે. આમ હોઈ આ કૃતિ ૧૨૦૦ વર્ષ જેટલી તો પ્રાચીન છે જ. આનું સમર્થન ઉપલબ્ધ પ્રાચીનતમ વિવરણની રચના વર્ષથી પણ થાય છે.

**રચના–સ્થળ**–આ વિષે કર્તાએ કશો નિર્દેશ કર્યો નથી. વિશેષમાં અન્ય રીતે પણ એ જાણી શકાય એવું કોઇ સાધન હજી સુધી તો મળી આવ્યું નથી.

**પ્રકાશનો**–આ કૃતિ અનેક સ્થળેથી પ્રસિદ્ધ કરાઈ છે:–

(૧) રણછોડલાલ ગંગારામે આ કૃતિ ગુજરાતી બાલાવબોધ તેમજ અન્વયસૂચક અંકના નિર્દેશપૂર્વક અમદાવાદથી વિ. સં. ૧૯૩૪માં પ્રકાશિત કરી હતી.[1]

(૨) આ કૃતિ **યોગશાસ્ત્ર** સહિત "જૈન ધર્મ પ્રસારક સભા" તરફથી ભાવનગરથી ઇ. સ. ૧૯૧૫માં છપાવાઇ છે.

(૩) "પંચાશક" વગેરે દસ ગ્રંથો (મૂળ માત્ર) જે "ઋષભદેવજી કેશરીમલજી શ્વેતાંબર સંસ્થા" તરફથી રતલામથી ઈ. સ. ૧૯૨૮માં એક પુસ્તકરૂપે જે છપાવાયા છે તેમાં પત્ર ૨૦૬ આ–૨૩૮ આમાં ઉવએસમાલાને સ્થાન અપાયું છે.

આ કૃતિ રામવિજયગણિ કૃત વૃત્તિ સહિત, હીરાલાલ હંસરાજે જામનગરથી ઈ. સ. ૧૯૩૪માં પ્રકાશિત કરી છે. આ એની ત્રીજી આવૃત્તિ છે. આ પૂર્વે ઈ. સ. ૧૯૨૩માં આ કૃતિ આ જ વૃત્તિના તેમજ મૂળના ગુજરાતી અનુવાદ સહિત ઉમેદચંદ રાયચંદે પ્રસિદ્ધ કરી હતી.

૧ ઉપલબ્ધ સાહિત્યની દૃષ્ટિએ આ વાત છે.

૧ જુઓ જિ૦ ર૦ કો૦ (પ્રથમ વિભાગ, પૃ. ૪૯).

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



( ૫ ) "શ્રી શ્રુતજ્ઞાન અમીધારા" નામથી જે પુસ્તક ઈ સ ૧૯૩૬માં મુંબઇથી છપાવાયું છે તેમાં પૃ. ૧૨૨–૧૫૦માં આ મૂળ કૃતિને સ્થાન અપાયું છે

( ૬ ) હીરાલાલ હંસરાજે આ કૃતિ સિદ્ધર્ષિની ટીકા સહિત જામનગરથી ઈ. સ ૧૯૩૯માં પ્રસિદ્ધ કરી છે એમણે આ ટીકા તેમજ રામવિજયગણિ કૃત વૃત્તિ સહિત મૂળ કૃતિ જામનગરથી ઇ. સ. ૧૯૧૯માં પ્રસિદ્ધ કરી હતી.

( ૭ ) મૂળ કૃતિ દોઘટ્ટી સહિત ઈ. સ. ૧૯૫૮માં છપાવાઇ છે. એનું સંપાદન શ્રી હેમસાગરસૂરિજીએ કર્યું છે

આમ આ કૃતિ ઇ. સ. ૧૮૭૮થી એક યા બીજા સ્વરૂપે પ્રકાશિત થતી આવી છે.

**પ્રથા**-ત્રીસેક વર્ષો ઉપર 'મૂર્તિપૂજક' શ્વેતાંબરોમાં કેટલીક સાધ્વીઓ અને કેટલીક શ્રાવિકાઓ **ઉવએસમાલા** કંઠસ્થ કરતી હતી

## વિવરણો :

**ઉવએસમાલા**ના સ્પષ્ટીકરણાર્થે બાવીસ વિવરણો રચાયા છે. એમ જિ૦ ર૦ કો૦ ( પ્રથમ વિભાગ પૃ ૪૯–૫૧ )માં નોંધ છે. એ તમામ વિવરણો ગદ્યમાં છે એ પૈકી અઢાર વિવરણો સંસ્કૃતમાં એક [1]પાઇયમાં અને ચાર ગુજરાતીમાં છે. કેટલાંક વિવરણો બહુ સંક્ષેપમાં છે અને તેને 'અવચૂરિ' કહે છે. થોડાંક વિવરણોને બાદ કરતાં બાકીનાના કર્તાનાં નામ મળે છે. હવે હું આ તમામ વિવરણોની ભાષાદીઠ યથાશક્ય કાલક્રમાનુસાર નોંધ લઉં છું :–

### [ ૧ ] સંસ્કૃત ( ૧૯ )

( ૧ ) [2]હેયોપાદેયા આ ૯૫૦૦ શ્લોક જેવડી વિવૃત્તિ (સિદ્ધર્ષિએ રચી છે. એઓ દુર્ગસ્વામીના શિષ્ય થાય છે અને એમણે જ ( વિ સં. ) ૯૬૨માં **ઉપમિતિ ભવ પ્રપંચા કથા** અને ( ગુપ્ત સંવત્ ) ૫૯૮ ( વિ. સં. ૯૭૪ )માં **ચન્દ્રકેવલિ ચરિત્ર** રચ્યું છે એમ જૈ. સા. સં. ઇ. ( પૃ. ૧૮૫–૧૮૬ )માં ઉલ્લેખ છે.

આ વૃત્તિની એક હાથપોથી વિ. સં. ૧૨૯૮માં લખાયેલી મળે છે.

( ૨ ) [1]**વિશેષવૃત્તિ યાને દોઘટ્ટી**–આ વાદી દેવસૂરિના શિષ્ય રત્નપ્રભસૂરિની વિ સં. ૧૨૩૮ની રચના છે. એમણે આ વૃત્તિ ભૃગુપુરમાં અર્થાત્ ભરૂચમાં રચી હતી. એનું પરિમાણ ૧૧૫૫૦ શ્લોક જેવડું છે. આની એક તાડપત્રીય પ્રતિ ખંભાતના ભંડારમાં છે. આની વિ. સં. [2]૧૩૯૪માં કાગળ ઉપર લખાયેલી એક હાથપોથી મળે છે. આ **વિશેષવૃત્તિ**ના અંતમાં [3]પ્રશસ્તિ( શ્લો. ૭ )માં **સિદ્ધર્ષિ**ને 'વ્યાખ્યાતૃચૂડામણિ' કહ્યા છે વિશેષમાં ગાથા ૨૯ ની વિશેષવૃત્તિ( પત્ર ૮૦ )માં રત્નપ્રભસૂરિએ આ **સિદ્ધર્ષિ**એ કરેલી વૃત્તિમાં બીજો અર્થ છે એમ કહ્યું છે.

**નામકરણ**–આ **વિશેષવૃત્તિ**નું નામ 'દોઘટ્ટી' શાથી અને ક્યારથી પડ્યું તે વિષે ચોક્કસપણે કહેવું મુશ્કેલ છે. આ વૃત્તિના પ્રારંભમાંના નિમ્નલિખિત આદ્ય પદ્યમાં 'ઘટાઘટી' પ્રયોગ છે એ ઉપરથી આનું નામ "દોઘટ્ટી" પડ્યું હશે એમ કેટલાકનું કહેવું છે :–

"यस्यारघट्टस्य घनोपदेश
मालार्पित ध्यान घटाघटीभिः ।
संसारकूपादू भवभृज्जलाना
मूर्ध्वे गतिः स्यात् सतिनोऽवतादू वः ॥ १ ॥"

ગાથા ૩૨૦ ની આ વૃત્તિ( પત્ર ૨૧૮ )માં રત્નપ્રભસૂરિએ વજ્રસ્વામીની કથા વર્ણવતાં પોતાના

૧ આનો આગળ ઉપર વિચાર કરાયો છે.

૨ આ પ્રકાશિત છે.

૧ આ વૃત્તિ ઈ. સ. ૧૯૫૮માં છપાવાઈ છે.

૨ આ પૂર્વે કાગળ ઉપર લખાયેલી કેટલીક હાથપોથી મળે છે. વિ. સં. ૧૩૨૩ની એક હાથપોથીની નોંધ મેં D C g c m ( ભૂત XVIII, pt. 3 )ની મારી પ્રસ્તાવના ( પૃ. ૨૬ )માં લીધી છે.

૩ આ પ્રશસ્તિમાં એકંદર તેર પદ્યો છે. પ્રારંભમાં પાંચ પદ્યો છે.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



ગુરુનું એક પદ્ય દ્વારા સ્મરણ કર્યું છે[1]; વળી "पायं पायं"થી શરૂ થતા પદ્ય દ્વારા એમની સ્તુતિ કરી છે.

વિશેષવૃત્તિની એક તાડપત્રીય પ્રતિ વિ. સં. ૧૩૯૪ માં લખાઇ છે.

વિશેષવૃત્તિની વિ. સં. ૧૫૨૮ માં લખાયેલી હાથપોથીમાં આ વૃત્તિના ચાર વિભાગ કરાયા છે અને એ દરેકને 'વિશ્રામ' નામ અપાયું છે. આ ચાર વિશ્રામોને લગતાં પદ્યોની સંખ્યા અનુક્રમે ૩૨, ૫૨, ૧૪૫ અને ૩૧૫ (અંતિમ ૫૪૪) છે.[2]

વિશેષમાં આ વૃત્તિના બે ખંડ એ રીતે પણ બે વિભાગ પડાયા છે. પ્રથમ ખંડ ૯૧ માં પદ્યના વિવરણથી પૂરો થાય છે, અને એનો ગ્રંથાગ્ર ૭ હજાર શ્લોકનો છે. જ્યારે બીજો ખંડ ૯૨ મી ગાથાના વિવરણથી શરૂ કરાયો છે.

વિશેષવૃત્તિમાં ઉવએસમાલાની ગાથાઓનું સ્પષ્ટીકરણ સંસ્કૃતમાં છે, જ્યારે એ મૂળ કૃતિમાં સૂચિત કથાઓ પાઇયમાં અને નિમ્નલિખિત કથાઓ તો "અપભ્રંશ"માં છે :—

ગા. ૩ની વૃત્તિમાં ઉસભપારણુગસન્ધિ તથા ચંદણબાલા પારણુગસન્ધિ.

ગા. ૨૫ની વૃત્તિમાં ભરત-બાહુબલિ કથાના શ્લો. ૮૫-૧૦૮[3]

ગા. ૫૫ની વૃત્તિ ગજસુકુમાલસન્ધિ.

ગા. ૮૫ની વૃત્તિમાં સાલિભદ્દસન્ધિ.

ગા. ૮૮ની વૃત્તિ અવંતીસુકુમાલસન્ધિ.

ગા. ૧૦૯ની વૃત્તિમાં પૂરણુરિસિસન્ધિ.

આ દોઘટ્ટીને અંગે સંસ્કૃતમાં પ્રસ્તાવના લખવાનું કાર્ય મેં એક મુનિવરની પ્રેરણાથી શરૂ કર્યું હતું. એ કેટલુંક તૈયાર થયા બાદ શૈલી અને કર્તાના સમય ઇત્યાદિ અંગે મતભેદ ઊભો થતાં તે સમયે તો આ પ્રસ્તાવના આગળ ચાલુ રખાઇ ન હતી પણ પ્રસ્તુત લેખના શ્રીગણેશ તો મંડાયા હતા.

(૩) **કથાનકો**–સિદ્ધર્ષિકૃત **હેયોપાદેયા**માં કથાનકો બહુ થોડાં અને સંક્ષિપ્ત હોવાથી **વર્ધમાનસૂરિ**એ એમાં કથાનકો ઉમેર્યાં છે. આની એક હાથપોથી વિ. સં. ૧૨૯૧ માં લખાયેલી મળે છે.

(૪) **કર્ણિકા**—આ ઉદયપ્રભે વિ. સં. ૧૨૯૯ માં રચેલી અને ૧૨૨૭૪ શ્લોક જેવડી વૃત્તિ છે. એનો પ્રારંભ "अर्हंस्तनोतु"થી કરાયો છે. આ ઉદયપ્રભ તે 'નાગેન્દ્ર' ગચ્છના વિજયસેનના શિષ્ય થાય છે. આ વિજયસેન વસ્તુપાલ મંત્રીના ગુરુ થાય છે.

(૫) **સુખબોધિકા**—આ વૃત્તિ બૃહત્કર્ણિકાના આધારે ગુણકીર્તિસૂરિએ રચી છે એમાં ૮૧ કથાઓ છે.

(૬) **વાર્તારૂપાન્તર**—આ 'ખરતર' ગચ્છના રત્નમૂર્તિના શિષ્ય મેરુસુન્દરે રચ્યું છે.

(૭ **વૃત્તિ**—આ સર્વાનન્દસૂરિની રચના છે. એઓ **શી**લભદ્રસૂરિના પટ્ટધર ગુણરત્નસૂરિના શિષ્ય થાય છે. મૂળ સહિત આ વૃત્તિનું પરિમાણ ૮૯૯૦ શ્લોકનું છે. આની એક હાથપોથી વિ. સં. ૧૫૬૨માં લખાએલી છે.

(૮) **લઘુવૃત્તિ**—આ ૪૧૭૦ શ્લોકની વૃત્તિ સિદ્ધર્ષિએ રચી છે એમ જૈન ગ્રન્થાવલી (પૃ. ૧૭૧)માં ઉલ્લેખ છે.

(૯) [1]**ઉપદેશમંજરી**—આના કર્તાનું નામ જાણવામાં નથી. આની નોંધ મેં D C G' C M (Vol XVII pt. I, pp. 382–384) માં લીધી છે

---

૧ આ પદ્ય રત્નાકરાવતારિકાનું છે કે કેમ તે તપાસવું બાકી રહે છે.

૨ દોઘટ્ટી સહિતની આવૃત્તિમાં ૫૪૩ પદ્યો છે. એના ચાર વિશ્રામો પત્ર ૧-૧૧૨, ૧૧૩-૨૫૪, ૨૫૫-૪૧૫ અને ૪૧૬-૪૨૯ એમ ચાર વિભાગમાં વિભક્ત છે.

૩ આવી બીજી પણ આંશિક કથાઓ છે.

૧ આને જૈ૦ ૨૦ કો૦ (પ્રથમ વિભાગ, પૃ. ૪૯)માં સ્વતંત્ર કૃતિ ગણી છે તે ભૂલ છે. એ ભૂલ પ્રો. પિટર્સને પણ કરી છે.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



(૧૦) **અવચૂરિ**—આની એક હાથપોથી અમરચન્દ્ર ગણિએ વિ. સં. ૧૫૧૮ માં લખી હતી. કેટલાક એ ઉપરથી એમને આ અવચૂરિના રચનાર માને છે પણ તે ભૂલ છે.[1]

(૧૧) **અવચૂરિ**—આ કોઇકે શ્રીલાસમાં વિ. સં. ૧૫૨૯ માં રચી છે.

(૧૨) **અવચૂરિ**—આ અવચૂરિ ધર્મનન્દન ગણિએ રચી છે. એની એક હાથપોથી વિ. સં. ૧૫૩૭ માં લખાયેલી મળે છે

(૧૩) **અવચૂરિ**—આ 'બૃહદ્'ગચ્છના અમરપ્રભસૂરિની રચના છે.

(૧૪) **અવચૂરિ યાને** [2]**પર્યાય**—આ જયશેખરની કૃતિ છે. એ ૧૫૦૦ શ્લોક જેવડી છે.

(૧૫) **ટીકા**—આ ગુણકીર્તિએ રચી છે. એની એક હાથપોથી વિ. સં. ૧૬૬૩ માં લખાયેલી છે.

(૧૬) **વૃત્તિ**—આ 'તપા'ગચ્છના ચારિત્રગણિના શિષ્ય **સોમધર્મગણિએ** રચી છે.

(૧૭) **ટીકા**—આ **પરમાનન્દે** રચી છે.

(૧૮) **ટીકા** (વૃત્તિ)—આ 'તપા'ગચ્છના સુમતિવિજય ગણિના શિષ્ય **રામવિજય** ગણિએ ૭૬૦૦ શ્લોક જેવડી વિ. સં. ૧૭૮૧ માં રચી છે. આ ટીકાનું ગુજરાતી ભાષાંતર પ્રસિદ્ધ થયેલું છે.

(૧૯) **ટીકા**—આ અજ્ઞાતકર્તૃક ટીકાનો પ્રારંભ "श्रेयस्करं कामित" થી થાય છે.

**ટીકા યાને અવચૂરિ**—આ કોઇકની રચના છે.

### [ ૨ ] પાઇય (પ્રાકૃત) (૧)

**વૃત્તિ** (વિવરણ)—આ કૃષ્ણર્ષિના શિષ્ય જયસિંહે પાર્શ્વમાં વિ. સં. ૯૧૩ માં રચી છે એમ **બૃહટ્ટિપ્પનિકા** (ક્રમાંક ૧૭૦) જોતાં જણાય છે.[1]

જયસિંહે પોતે **ઉવએસમાલા** ઉપર વિવરણ રચ્યું છે એમ **ધમ્મોવએસમાલાના** વિવરણમાં એમણે આ વિવરણ જોવાની કરેલી ભલામણો ઉપરથી જણાય છે.[2] પરંતુ આ વિવરણની એકે હાથપોથી અદ્યાપિ મળી આવી નથી.

### [ ૩ ] ગુજરાતી (૪+૨=૬)

(૧) **બાલાવબોધ**—આ 'તપા'ગચ્છના દેવસુન્દરસૂરિના શિષ્ય **સોમસુન્દરસૂરિની** વિ. સં. ૧૪૮૫ની રચના છે. આનો અભ્યાસ પ્રા. ટી. એન. દવેએ પી. એચ. ડી. માટે કર્યો હતો. એને અંગેનો એનો નિબંધ " Study of the Gujarati Language in the 16th Century " નામથી લંડનની "રોયલ એશિયાટિક સોસાયટી" એ ઈ. સ. ૧૯૩૫ માં પ્રકાશિત કર્યો છે.

(૨) [3]**બાલાવબોધ**—આ નન્નસૂરિની વિ સં. ૧૫૪૩ ની રચના છે. એની નકલ એ જ વર્ષમાં એમના શિષ્ય **ગુણવર્ધને** તૈયાર કરી હતી.

(૩) **બાલાવબોધ**-આ કોઇકે વિ. સં. ૧૫૪૬ માં રચ્યો છે.

(૪) **બાલાવબોધ**—આ 'તપા' ગચ્છના **સત્યવિજયગણિના** શિષ્ય **વૃદ્ધિવિજયે** વિ. સં. ૧૭૧૩ માં રચ્યો છે.

### ટબ્બાઓ

(૧-૨) મૂળ કૃતિ ઉપર બે અજ્ઞાતકર્તૃક ટબ્બા રચાયા છે.

( ક્રમશઃ )

---

૧ જુઓ જિ૦ ૨૦ કો૦ (પ્રથમ વિભાગ, પૃ. ૫૧)

૨ એક કે બે અજ્ઞાતકર્તૃક પર્યાય પણ છે. એક જયશેખરસૂરિ કૃત અવચૂરિને આધારે રચાયો છે.

૧ જુઓ જિ૦ ૨૦ કો૦ (પ્રથમ વિભાગ, પૃ. ૪૯)

૨ ધર્મોપદેશમાલા વિવરણનાં પૃ. ૮૧, ૮૯, ૧૦૦ ઈત્યાદિ આ વિવરણ વિ. સં. ૯૧૫ માં રચાયું છે.

૩ આની નોંધ જિ૦ ૨૦ કો૦ માં નથી.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

# જપ માટેના મંત્રો

લેખકઃ—દીપચંદ જીવણલાલ શાહ

અક્ષરોની વિશિષ્ટ રચનાને મંત્ર કહે છે.

૧. अरिहंतसिद्ध आयरिय उवज्झाय साहु—૧૬ અક્ષરનો જપ.

૨. अरिहंतसिद्ध—છ અક્ષરોનો જપ.

૩. अरिहंत—ચાર અક્ષરોનો જપ.

૪. असिआउसा—પાંચ અક્ષરોનો જપ.

૫. नमो अरिहंताणं—સાત અક્ષરોનો જપ.

૬. ॐ अर्हं नमः—છ અક્ષરોનો જપ.

૭. सोऽहम्—ત્રણ અક્ષરનો જપ.

૮. ॐ ह्रीं श्री शंखेश्वर पार्श्वनाथाय नमः—ચૌદ અક્ષરનો મંત્ર છે અને તે અત્યંત પ્રભાવશાળી છે.

**જાપનો આશય**—આત્મગુણની વિચારણા કરી આત્માને શુદ્ધ સ્વરૂપે શોધવો, ઓળખવો અને ચિંતવવો તે છે.

મંત્ર ટુંકો અને થોડા અક્ષરોનો હોવો જોઈએ કારણ કે તેનું વારંવાર રટણ કરવાનું છે. તેમજ મંત્રના અર્થ પર ધ્યાન રાખવાનું હોય છે. મન બીજા વિચારોમાં ન જાય તે માટે જે મંત્રનો જાપ ચાલુ હોય ત્યારે તે મંત્રના અર્થ પર ધ્યાન રાખતા રહેવાનું હોય છે. દાખલા તરીકે ॐ अर्हं नमः આ મંત્ર ટુંકા અક્ષરોનો છે. अर्हं એટલે લાયક. જે સંપૂર્ણ રીતે લાયક છે તે આત્માના સ્વરૂપને નમસ્કાર કરૂં છું. આ ઉપરના મંત્રનો ટુંકો અર્થ છે.

નવકાર એ મહામંત્ર છે. નવકારનું સૂત્ર સાદા શબ્દોનું બનેલું છે. આ મંત્રના પાંચ પદોની આગળ ॐ ह्रीँ श्रीँ જોડી શકાય છે. ॐ ह्रीँ श्रीँ વગેરે બીજો શક્તિશાળી છે. પાંચ પદના પ્રારંભમાં મુકીએ તો પદની શક્તિ વધી જાય છે.

સિદ્ધચક્રના નવ પદોનો જાપ મહામંગળકારી છે.

**મંત્રના બે પ્રકાર છે, બીજ મંત્ર અને નામ મંત્ર.**

ॐ अर्हं नमः આ મંત્રમાં ઈષ્ટદેવનું બીજ છે પણ નામ નથી. આ બીજ મંત્રમાં ॐ એ સેતુ છે, अर्हं એ બીજમંત્ર છે અને नमः એ પલ્લવ છે. ॐ એ બીજ છે છતાં આ મંત્રમાં એ સેતુ તરીકે આવેલું છે. મંત્ર શક્તિને જાગૃત કરવા માટે જેનો પ્રથમ પ્રયોગ થાય તેને સેતુ કહે છે.

મંત્રજપ ઉપાસનાનું એક મહત્વનું અંગ છે.

**જપ કરવાની રીતોઃ**—જપની પહેલી રીત સ્પષ્ટ ઉચ્ચારથી કરવાની છે. આ જપને ભાષ્ય જપ કહે છે. ભાષ્ય જપને અમુક દીવસો સુધી કર્યા પછી ઉપાંસુ જપ કરવાનો છે એટલે કે પાસે બેસનાર જપને સાંભળી શકે નહિ તેવી રીતે હોઠ ફફડાવીને કરવાનો છે, ઉપાંશુ જપને અમુક દીવસો સુધી કર્યા પછી જપ મનથી કરાય છે, તેને માનસ જપ કહે છે. આ જાપ પહેલાં બન્ને કરતાં ઉત્તમ છે. શરૂઆતમાં મંત્રને થોડો વખત મોઢેથી બોલો ત્યાર પછી થોડો વખત હોઠેથી બોલો અને થોડો વખત મનથી રટણ કરો. કારણ કે મનને ફેરફાર જોઈએ છે. એક પ્રકારના અભ્યાસથી મન કંટાળી જાય છે.

ઉપરના ત્રણે જપ કરવાની રીતોને સિદ્ધ કર્યા પછી નાભિગતા પરા વાણીથી જપ કરાય છે તેને અજપા જપ કહે છે. આ સ્થિતિમાં જપનો પ્રયત્ન કર્યા વિનાં અખંડ જપ ચાલતો રહે છે. આ અજપા જપ યોગિઓ જ કરી શકે છે.



For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



**જપના પ્રકારઃ**—જપ ત્રણ પ્રકારના છેઃ ઉત્તમ, મધ્યમ અને જઘન્ય.

પદસ્થધ્યાનમાં જે જપ કરાય છે તેને ઉત્તમ જપ કહે છે. ઉત્તમ જપ કરવાની રીતને આગળ સમજાવવામાં આવશે.

**મધ્યમ જપઃ**—નવકારવાળી હાથમાં લઈ જાપ જાપ કરવો અથવા આંગળીના વેઢા પર જાપ કરવો તેને મધ્યમ જપ કહે છે. આ જપમાં જે પદનો જાપ હોય તેના અર્થ પર ધ્યાન રાખવાનું હોય છે.

**જઘન્ય જાપઃ**-કોઈપણ રીતે મનને સ્થિર રાખ્યા વિના જાપ કરવો તેને જઘન્ય જાપ કહે છે. પદના જાપ વખતે તેના અર્થ પર ધ્યાન રાખવામાં ન આવે ત્યારે તેને જઘન્ય જાપ કહે છે. આ જપમાં માત્ર નવકારવાળીના મણકા દરેક પદે ફેરફાર થાય છે અને મન બીજા વિચારો કરતું હોય છે.

(૧) Practicising japa through the beat of pulse.

પ્રાણ (શ્વાસ)ને મન સાથે બહુ જ નિકટનો સંબંધ છે. પ્રાણ ઉપર કાબુ મેળવવામાં આવે તો મન અમુક અંશે સ્થિર (એકાગ્ર) થાય છે શાસ્ત્રમાં લખેલ છે કે ૪૮ મીનીટમાં ૩૭૭૩ પ્રાણ (શ્વાસ) લેવાય છે તેથી એક મીનીટમાં ૭૮$\frac{3}{48}$ પ્રાણ થાય છે માટે એક મીનીટમાં ૭૮ પદોનું રટણ થવું જોઈએ. આપણી હાથ પરની નાડી એક મીનીટમાં લગભગ ૭૮ ધબકારા કરે છે એટલે કે તે નાડીમાં પ્રાણવાયુ મિશ્રિત લોહી વહે છે. અને શરીરને પ્રાણવાયુ પહોંચાડે છે માટે નાડીના દરેક ધબકારા સાથે મંત્રનું એક જ પદનું રટણ હોવું જોઈએ શરૂઆતમાં હાથની બે આંગળીઓ નાડી પર રાખી જપ કરવો જોઈએ થોડા દિવસ આ પ્રમાણે અભ્યાસ થયા પછી મંત્ર બોલતી વખતે નાડી પર આંગળીઓ રાખવાની જરૂર નથી પણ નવકારવાળીના એક મણકો ફેરવતી વખતે મંત્રનું એક પદ બોલવું.

એક લોગસ્સનો ૨૫ શ્વાસોશ્વાસનો કાઉસ્સગ એટલે નાડીના ૨૫ ધબકારા (૨૦ સેકન્ડ) હોવો જોઈએ.

(૨) Practising japa through inhalation and exhalation (શ્વાસોશ્વાસ).

એક મીનીટમાં ૧૮ શ્વાસોશ્વાસ (શ્વાસ, ઉશ્વાસ.) થાય છે એટલે કે મનુષ્યની છાતી ૧૮ વખત ફૂલે છે અને ૧૮ વખત સંકોચાય છે તેથી પ્રાણવાયુવાળુ લોહી શરીરમાં અઢાર વખત વહે છે માટે મંત્રનું એક પદ નાડીના બે ધબકારાના સમય જેટલું બોલવું એટલે એક પદ શ્વાસ સાથે બોલવું અને એક પદ ઉશ્વાસ સાથે બોલવું તેથી એક મીનીટમાં ૩૬ પદોનું રટણ થાય છે.

(૩) ત્યાર પછી મંત્રનું એક પદ એક શ્વાસોશ્વાસ પુરો થાય તેટલા સમય (નાડીના ચાર ધબકારા) સુધી બોલવું એટલે કે એક મીનીટમાં ૧૮ પદનું રટણ કરવું.

(૪) ત્યાર પછી મંત્રનું એક પદ નાડીના નવ ધબકારા થાય તેટલા સમય સુધી બોલવું આ પ્રમાણે મંત્રના પદનો સમય વધારતા જશો તો મન એકાગ્ર અને શાંત થશે એટલે કે મન મંત્રના પદો અને અર્થો પર ધ્યાન રાખતા શીખી જશે.

જપ કરી રહ્યા પછી નીચે પ્રમાણે થોડો વખત આત્મ વિચારણા કરવી જોઈએ. " હું

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

કોણ છું ? મારું કર્તવ્ય શું છે? મારો ધર્મ શું છે? મારું કર્તવ્ય મેં કેટલું બજાવ્યું છે? શું મારો પ્રમાદ છે? સંસારમાં ધમાલ હું કોને માટે કરું છું ? વગેરે વગેરે."

જેમ અનાજનો દરેક કણ શરીરને પોષણ આપે છે અને શરીરની તાકાતમાં વધારો કરે છે તેમ મહામંત્ર નવકાર અને સિદ્ધચક્રના નવ પદોનો જાપ કષાય અને પ્રમાદને મંદ કરે છે. દરેક દિવસે થોડો સમય જાપ કરવાથી મન અને બુદ્ધિ શુદ્ધ થાય છે.

જાપ કરનારે દરેક દિવસે અમુક કાર્ય કરવાનું નક્કી કરવું અને તેનું સમય પત્રક બનાવવું અને તે સમય પત્રકને ચૂસ્ત રીતે વળગી રહેવું જોઇએ.

(૧) સવારે ક્યારે ઉઠ્યા ?

ઓછામાં ઓછી બે ઘડી (૪૮ મીનીટ) સૂર્યોદય પહેલાં જાગવું કારણ કે તે સમય જાપ કરવા માટે ઉત્તમ છે. તે વખતે વાતાવરણ શાંત અને પવિત્ર હોય છે.

(૨) કેટલો જાપ કર્યો ?

જાપ કરનારે ૧૦૮ મણકાની નવકારવાળી રાખવી અને ઓછામાં ઓછી એક બાંધી નવકારવાળી ગણવી એટલે કે ૧૦૮ વાર નવકારમંત્ર ગણવો જોઇએ.

(૩) કેટલા ધાર્મિક શ્લોકો વાંચ્યા અને કેટલા મોંઢે કર્યા ?

જ્ઞાનસાર, મહાવીર વાણી વગેરે અધ્યાત્મ શાસ્ત્રોનો અભ્યાસ જરૂરનો છે. રોજ ૪૮ મીનીટ સ્વાધ્યાયમાં પસાર કરવી જોઇએ.

(૪) કેટલો સમય સત્સંગમાં પસાર કર્યો ?

જ્ઞાની, યોગી, ત્યાગી વગેરે સંતોનો સમાગમ રાખવાની જરૂર છે.

(૫) કેટલો સમય મૌન રહ્યા ?

સત્યના પાલન માટે અને ક્રોધના નિગ્રહ માટે મૌનની જરૂર છે. રોજ ૪૮ મીનીટ મૌન પાળવું અને તે વખતે શાસ્ત્રોનું વાંચન, મનન, ચિંતન કરવું.

( ૬ ) ઇન્દ્રિયોને વશ કરવા માટે યત્ન કરવો,

ઇન્દ્રિયોને વશ કરવા માટે ઉપવાસ આદિ વ્રતો પાળવા અથવા અમુક નિયમો ધારવા.

( ૭ ) વહેલા સૂઈ જવું:—

સાંજે ઓછો આહાર કરવાથી અને વહેલા સૂઈ જવાથી સવારમાં વહેલાં ઉઠી શકાય છે. કારણ કે આહાર અને ઉંઘને સંબંધ છે.

( ૮ ) સુતાં પહેલાં આત્મ નિરીક્ષણ કરો. અનિત્યાદિ બાર ભાવના અને મૈત્ર્યાદિ ચાર ભાવનાની વિચારણા કરો.

( ૯ ) સવારે ઉઠતી વખતે અને રાત્રે સુતી વખતે નવકાર મંત્ર ગણવો.

જાપ માટે આવશ્યક વસ્તુઓ.

( ૧ ) જાપ માટે એક અલગ ઓરડો હોય તો સારું. તે ઓરડામાં સવાર સાંજ ધૂપ કરો. તેમાં શંખેશ્વર પાર્શ્વનાથ, ભગવાન મહાવીરસ્વામી, સિદ્ધચક્ર, શ્રી ગૌતમસ્વામી વગેરેની છબીઓ રાખો. છબી સામે તમારું આસન રાખો.

( ૨ ) સવારે ચાર વાગે બ્રાહ્મ મુહૂર્તમાં ઉઠો તે વખતે મન શાંત અને પ્રફુલ્લ હોય છે હાથ, પગ અને મોઢું ઠંડા પાણીથી ધુઓ. બની શકે તો ગરમ અથવા ઠંડા પાણીથી સ્નાન કરો.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

Reg. No. G 50

(૩) પદ્માસને બેસો, માથું ડોક, અને કમ્મર સીદ્ધા રાખો. પૂર્વ અથવા ઉત્તર તરફ મુખ રાખીને બેસો.

(૪) જપ માટે સવારના ચાર થી પાંચનો અને રાત્રે સાત થી આઠનો સમય ઉત્તમ છે.

(૫) શરૂઆતમાં જપ બહુ ઉતાવળથી તેમજ બહુ ધીમેથી કરો નહિ.

લેખિત જપઃ–એક નોંધ પોથીમાં દરરોજ પંદર મીનીટ સુધી લાલ શાહીથી નવકાર મંત્ર અથવા સિદ્ધચક્રનો મંત્ર લખો. મંત્ર લખતી વખતે મૌન રાખો. મંત્ર સ્પષ્ટ અક્ષરે લખો. મંત્ર લખવાથી ધારણા શક્તિ વધે છે એટલે કે મન મંત્ર લખવામાં રોકાયેલું હોવાથી બીજે ક્યાંય ભટકતું નથી. જપ લખતી વખતે નીચેના નિયમો જાળવો.

(૧) સમયની નિયમિતતા રાખો.

(૨) મંત્ર લખવા બેસતી વખતે મોઢું, હાથ અને પગને ધુઓ. અથવા સ્નાન કરો.

(૩) એક આસન પર બેસીને મંત્ર લખો.

(૪) મંત્ર લખતી વખતે તમારી આંખો નોંધપોથી પર રાખો.

(૫) એક જ બેઠકે ચોક્કસ (મુકરર કરેલ સંખ્યામાં) મંત્ર લખો.

(૬) એક જ લીટીમાં મંત્રનું એક પદ અથવા બે પદ લખો.

(૭) નોંધપોથીને સંભાળપૂર્વક જાળવો અને નોંધપોથી પુરી થાય ત્યારે એક પેટીમાં રાખો.

લેખિત જપથી હૃદયની શુદ્ધતા અને મનની ધારણા શક્તિ વધે છે તે સિવાય આસનનો જપ, ઇંદ્રિયોનો નિરોધ ખાસ કરીને આંખો અને જીભ પર કાબુ અને મનની શાંતિ આવશે. મંત્ર સવારે, સાંજે, બપોરે અને રાત્રે અમુક સંખ્યામાં લખવાનો નિયમ રાખો. દરરોજ ઓછામાં ઓછા ૧૦૮ વખત નવકાર મંત્ર લખો.

અમુક પ્રકારના અક્ષરોની સંકલનાને મંત્ર કહે છે. જેવી રીતે આકર્ષણશીલ વિદ્યુતના સમાગમથી તણખો ઉત્પન્ન થાય છે તેવી રીતે ભિન્નભિન્ન પ્રકારના અક્ષરોની યથાયોગ્ય ગુંથણીથી અપૂર્વ પ્રકારની શક્તિનો પ્રાદુર્ભાવ થાય છે. મંત્રો ઘણી જાતના હોય છે. કેટલાક મંત્રો યોગસાધના માટે હોય છે, કેટલાક દ્રવ્ય પ્રાપ્તિ માટે હોય છે, કેટલાક રોગોને મટાડવા માટે હોય છે. અત્રે યોગસાધનાને યોગ્ય મંત્રો આપવામાં આવ્યા છે તેથી મનની શાંતિ થાય છે એટલું જ નહિ પણ બીજા પણ લાભ થાય છે. મંત્ર જાપમાં લૌકિક લાભ કરતાં કર્મ-નિર્જરાનો હેતુ રાખવો.

**શ્રી સિદ્ધચક્ર યંત્રઃ**–શ્રી સિદ્ધચક્ર એટલે અરિહંત, સિદ્ધ, આચાર્ય, ઉપાધ્યાય, સાધુ, સમ્યગ્દર્શન, સમ્યગ્જ્ઞાન સમ્યક્ચારિત્ર અને તપ એ નવપદોનો સમૂહ.

મંત્ર, તંત્ર અને યંત્ર વિવિધ પ્રકારનો છે પરંતુ સર્વ યંત્રોમાં શ્રી સિદ્ધચક્રનો યંત્ર શ્રેષ્ટ ફળ આપનારો છે. અરિહંતાદિક નવેપદની ૐ હ્રીં શ્રીં પદ સાથે જોડીને આરાધના કરવી.

**સ્તોત્રઃ**–પ્રાચીનકાળમાં પૂર્વાચાર્યોએ ઉપદ્રવો દૂર કરવાને માટે મંત્રાક્ષરોથી ગુંથિત સ્તોત્રોની રચના કરેલ છે હંમેશા સ્નાન કરી, સ્વચ્છ વસ્ત્ર પહેરી, શ્રદ્ધાયુક્ત સ્તોત્રોનું સ્મરણ કરવામાં આવે તો તે ફળદાયક નીવડે છે. સ્મરણ વખતે સુગંધી ધૂપ રાખવો અને એકાંતસ્થાનમાં મનની સ્થિરતાપૂર્વક સ્તોત્રોનો પાઠ કરવો. સ્તોત્રો નીચે પ્રમાણે છે. નવકાર, ઉવસગ્ગહરં, સંતિકરં, તિજયપહુત, નમિઉણ, અજિતશાંતિ, લઘુશાંતિ, મોટીશાંતિ, ભક્તામર, કલ્યાણમંદિર.

(અનુસંધાન ટાઈટલ પેજ ૨ જા ઉપર)

પ્રકાશક : દીપચંદ જીવણલાલ શાહ, શ્રી જૈન ધર્મ પ્રસારક સભા–ભાવનગર
મુદ્રક : ગીરધરલાલ ફુલચંદ શાહ, સાધના મુદ્રણાલય–ભાવનગર

For Private And Personal Use Only